# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૮ • ૧૫ માર્ચ ૨૦૨૫ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## સમાજકાર્યમાં સહાનુભૂતિ પછી પરોપકાર થાય છે ત્યારે સમાનાભૂતિ પ્રવાહિત થાય છે : પૂજ્ય મોરારિબાપુ

### (પૂજ્ય માનભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનઃ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫)






સૌ પ્રથમ માનભાઈ બાપાની ચેતનાને પ્રણામ કરું. સર્વ સેવા શિરોમણિ મહાનુભાવોને હું પ્રણામ કરું છું. અને આપ સૌને હું સાધુવાદ આપું છું. આજે જ હું પ્રયાગરાજમાં કુંભની કથામાં સમાપન સમયે એક વાત કહેતો હતો, ત્યાંથી શરું કરું છું.

જ્યાં ગામ હોય ત્યાં ઘર હોય અને જ્યાં ઘર હોય ત્યાં ફળિયું હોય, જ્યાં ફળિયું હોય ત્યાં ધૂળ પણ હોય. પણ મને એવું કહેવાની ઈચ્છા થાય કે જ્યાં માટી હોય ત્યાં કુંભાર હોય અને જ્યાં કુંભાર હોય ત્યાં ચાકડો હોય તો હું એમ કલ્પું કે ઘડો હોય તો એમાં જળ પણ હોય અને એ જળનું હોવું એ આ પાંચેય સન્માનિતોનું સામાજિક અસ્તિત્વ છે. તેમ અનુભવું છું.

(અનુસંધાન- પાના નં ૧૬)


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀



શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736


## સેવાર્થી સન્માન- વર્ષ ૨૦૨૫







ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહારના ઉપક્રમે શનિવાર તા.૨૨ ફેબ્રુઆરીએ પરિવાર સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેની અધ્યક્ષતામાં યોજાનાર પરિવાર સ્નેહમિલન સમારોહમાં ગત વર્ષમાં ઉત્તમ બાળ સેવા પ્રવૃત્તિ કરનાર શ્રી પ્રીતિબહેન ભટ્ટ, સંપર્ક લેખન સેવા આપનાર શ્રી નેહાબહેન, સંસ્થાના મુખ્ય સંયોજક શ્રી હિનાબહેન તેમજ સંસ્થાકીય સુવિધાઓના વિકાસમાં યોગદાન આપનાર શ્રી રાજુભાઈ મકવાણાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના કાર્યકરો અને તેના પરિવાર જનો વચ્ચે સ્નેહ સેતુ જળવાઈ રહે તે હેતુસર યોજાતા કાર્યક્રમમાં સંસ્થાના તમામ કાર્યકરો અને તેમના પરિવારજનોએ સ્વ પરિચય આપી સંસ્થા પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યો હતો. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમનું સમાપન શ્રી ધર્મેશભાઈ વડોદરીયાએ કર્યુ હતું.

## શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ તરફથી સતત ૧૦માં વર્ષે ચપ્પલ વિતરણ





ઉનાળાની ઋતુના પ્રારંભે જરૂરિયાતમંદ શ્રમિકોને પગરખાનું વિતરણ થાય તેની કાળજી લેતા શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ પરિવાર તરફથી સતત દસમાં વર્ષે શ્રમિકોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું.

સંસ્થા પરીસરમાં તારીખ ૨૨એ યોજાએલ જાગ્રતવાલી કાર્યક્રમમાં પધારેલ ૩૦૦ માતાઓ અને બહેનોને જરૂરિયાત અનુસાર પગરખા વિતરણ થયું હતું. ડાકોર સ્થિત અશક્તાશ્રમના સંચાલક પુનિતભાઇ ખંભોળજાના વિશેષ સહકારથી યોજાએલ કાર્યક્રમમાં આમંત્રિત નાગરિકોને જાણીતા સેવાભાવી તબીબ શ્રી દીપ્તિબહેન આનંદભાઇ શાહ તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દવે, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જયંતભાઇ વાનાણી, શ્રી ઇન્દાબહેન ભટ્ટ, શ્રી શબનમબહેન કપાસીનાં વરદ હસ્તે ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીપ્તિબહેન શાહ દ્વારા બહેનોને જીવન ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ.

## શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠી- શ્રી સાગરભાઇ મહેતા સ્મૃતિઃ

## પૂર્વ વિદ્યાર્થી અભિવાદનઃ વર્ષ ૨૦૨૫- શ્રી બકુલભાઇ ચાતુર્વેદી



દાદા પૂજ્ય ગૌરીશંકર ચાતુર્વેદી, પિતા શ્રી ઇન્દુભાઇ ચાતુર્વેદી અને શિશુવિહારનાં પૂર્વ વિદ્યાર્થી શ્રી બકુલભાઇ ચાતુર્વેદી એમ ત્રણ પેઢી સંસ્થા પરિવારનાં સક્રિય સભ્ય રહયાં છે.

વર્ષ ૧૯૭૪માં ઓટો-મોબાઇલ ઇન્જીનિયરીંગનાં વિષય સાથે ટેકનીકલ બોર્ડમાં દ્વિતીય ક્રમે ઉતિર્ણ થઇ શ્રી બકુલભાઇએ ભાવનગર મોટર સંઘમાં ૧૦ વર્ષ સુધી ઉત્તમ સેવા અને ૫૩ વર્ષ સુધી મૂલ્યનિષ્ઠ પત્રકારત્વને નિજી ફરજ તરીકે અપનાવી 'ફુલછાબ'ના માધ્યમથી ઉત્કૃષ્ટ સેવા આપી છે. શિશુવિહાર ક્રિડાંગણ અને તાલીમમાં બટુક વૃંદ (બાળવય)થી જ તાલીમબદ્ધ શ્રી બકુલભાઇ ચાતુર્વેદી પોતાની માતૃ સંસ્થા અને પરિવારમાં સેવા યજ્ઞો પ્રજ્વલિત રાખતા રેડક્રોસ, સેન્ટજહોન, સિટિજન કાઉન્સીલ, સરદાર સ્મૃતિ, શ્રી બળવંતરાય મહેતા ટ્રસ્ટ પ્રકારે અનેક સામાજિક સંસ્થાઓમાં પદાધિકારી રૂએ જનહિતનાં કામોમાં આજે ૭૩ વર્ષની વયે પણ સ્વસ્થતાથી સક્રિય રહયાં છે. વરિષ્ઠ પત્રકાર તરીકે સ્વતંત્ર લેખન સાથે ચાર પુસ્તકો તેમજ સુધારાવાદી કટાક્ષપૂર્ણ મનોરંજક ચાર નાટકો આપનાર શ્રી બકુલભાઇનાં ઉત્કૃષ્ટ સામાજિક પ્રદાન માટે સંસ્થા ગૌરવ અનુભવે છે તથા પૂર્વ વિદ્યાર્થી તરીકેના અભિવાદન માટે આનંદ વ્યક્ત કરે છે.



## પૂર્વ વિદ્યાર્થી અભિવાદનઃ વર્ષ ૨૦૨૫- ડૉ.પ્રકાશભાઇ ભટ્ટ



પિતાશ્રી ડૉ.દિનકરભાઇ ભટ્ટ પણ શિશુવિહાર પરીવારની સ્વાસ્થ્યલક્ષી કાળજી લેવા સાથે સંસ્થાકીય કારોબારીમાં સક્રિય હતા અને ડૉ.પ્રકાશભાઇ પણ પિતાશ્રીના સેવા વારસાને ઉજાગર કરી રહયા છે. વર્ષ ૧૯૭૯માં બી.એસ.એ.એમ. ની પદવી મેળવી છેલ્લા ૪૫ વર્ષથી તબીબ તરીકે ગરીબો માટે સધિયારો બની રહેતા ડૉ.પ્રકાશભાઇએ વર્ષ ૧૯૮૨ થી ફર્સ્ટએઇડ ટ્રેઇનર તરીકે ૯૦,૦૦૦ થી વધુ યુવકોને પ્રાથમિક સારવાર તાલીમ આપી છે.

સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન ભાવનગરના અધ્યક્ષ રૂએ ૩૦૦૦થી વધુ ચક્ષુદાન લેનાર ડૉ.શ્રી પ્રકાશભાઇ પૂજ્ય માનભાઇ ભટ્ટ સ્થાપિત ચક્ષુદાન પ્રવૃત્તિના મશાલચી બન્યા છે.

શિશુવિહાર ક્રિડાંગણ અને સ્કાઉટ તાલીમના પૂર્વ વિદ્યાર્થી તરીકે ગુજરાતનાં અનેક ઔદ્યોગિક એકમોમાં સલામતીનું શિક્ષણ વિસ્તારનાર ડૉ. પ્રકાશભાઇ તબિબ જગત માટે ઉદાહરણરૂપ છે. ''શરીર માધ્યમ ખલુ ધર્મ સાધન'' તેવા ઉપનિષદ વાક્યને સામાજિક સ્વરૂપ આપવા નર્સિંગ અને સીનીયર સીટીઝન કેર ટેઇકર જેવા અભ્યાસક્રમો જન સમૂહ સુધી વિસ્તારનાર શિશુવિહારનાં પૂર્વ વિદ્યાર્થી ડૉ.પ્રકાશ દિનકરભાઇ ભટ્ટનું અભિવાદન ગૌરવપૂર્ણ બને છે.

## પૂર્વ વિદ્યાર્થી અભિવાદનઃ વર્ષ ૨૦૨૫- શ્રી ઇલાબહેન ઓઝા



શિશુવિહાર ક્રિડાંગણ તથા સ્કાઉટ ગાઇડ તાલીમનું રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરનાર શ્રી ઇલાબહેન ઓઝાએ જીવનપર્યંત સ્ત્રી સશક્તિકરણ માટે પોતાની સેવા વિસ્તારી છે. વર્ષ ૧૯૮૫માં વકીલ શ્રી રાજેન્દ્રભાઇ જાની સાથે લગ્ન કરી શિહોર ગામે સ્થિર થયેલ શ્રી ઇલાબહેન શિહોર એજ્યુકેશન સોસાયટી, જ્ઞાન ભારતી ટ્રસ્ટ, ગણ્યુલે મહિલા મંડળમાં પદાધિકારી તરીકે સેવાર્થી રહયાં છે.

શહેરનાં એક પ્રતિષ્ઠિત વકિલ તરીકે બહેનોનાં શિક્ષણ અને બહેનોના સામાજિક અધિકાર માટે જાગ્રતી અને મદદ વિસ્તારનાર એડવોકેટ શ્રી ઈલાબહેન ૧૧૦૦૦થી વધુ બહેનો માટે શિક્ષણ અને સ્વ રોજગાર માટે માર્ગદર્શક બન્યા છે.

શિશુવિહારને સદૈવ માતૃસંસ્થા માનતા શ્રી ઈલાબહેને ગર્લગાઈડની તાલીમ મેળવી પોતાના સમાજને પણ ભલાઈનાં કામો સાથે જોડી રાખી એક આદર્શ નારીનું બિરુદ  પ્રાપ્ત કર્યુ છે. શિશુવિહાર સંસ્થાનાં સેવા અને શિક્ષણના વારસાને પ્રજવલિત રાખનાર શ્રી ઈલાબહેનનું અભિવાદન ગૌરવવંત બને છે.

## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ

### સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ  બાલમંદિર

• શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિરમાં ફેબ્રુઆરી માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૫૦ રહી હતી. જેમાં ૪ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી અંગ સ્વચ્છતા, શાંતિની રમત, માટીકામ, વૈજ્ઞાનિક પ્રયોગ બાળકોને કરી બતાવેલ. વૈજ્ઞાનિક શિક્ષણ અંતર્ગત પેરાશુટનું નિર્દશન, ઝુલતી મીણબત્તી, હેલિકોપ્ટર, ગરગડીનો પ્રયોગ યોજી બાળકોને બતાવવામાં આવેલ. માસ દરમિયાન વિવિધ ફળનું પ્રદર્શન યોજેલ. જેમાં બાળકોની સંખ્યા ૪૫ અને વાલીની સંખ્યા ૨૦ રહી હતી.

તારીખ ૧૧ એ ડૉ. અરવિંદ ત્રિવેદી દ્વારા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ. જેમાં બાળકોની સમૂહ સંખ્યા ૩૫ રહી હતી. તારીખ ૨૨ના રોજ જાગૃતવાલી કાર્યક્રમમાં ડૉ.દીપ્તિબહેન શાહ મહિલાઓ માટે આરોગ્ય અને પોષક આહારની અનિવાર્યતા વિશે બહેનોને માહિતી આપેલ. આ ઉપરાંત જરૂરિયાતમંદ ૩૦૦ બહેનોને ઉનાળાના પ્રારંભે શ્રી ચંદ્રવદનભાઈ શાહ દ્વારા મળેલ પગરખાનું વિતરણ કરવામાં આવેલ.

માસ દરમિયાન સર્વશ્રી પંકજભાઈ પટેલ, દેવીન્દ્રાબહેન શાહ, હસમુખભાઈ ગાંધી, સુભદ્રાબહેન ગાંધી, હિનાબહેન ભટ્ટ, દીપાબહેન જોશી તરફથી બાળકોને ભોજન અને ૧૦ દાતા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ



## આરોગ્ય

### ૫૦૫ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ

• શિશુવિહાર સંસ્થામાં યોજાએલ નેત્રયજ્ઞ દ્વારા ૩૪ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી. સ્વ.જ્યોતિબહેન નલિનકાન્ત ઓઝા તથા નલિનકાન્ત મુકુંદરાય ઓઝાની સ્મૃતિમાં (હસ્તે શ્રી બાબુલભાઈ પ્રિયવદનભાઈ વ્હોરા)તારીખ ૨૮ ફેબ્રુઆરીનાં રોજ પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી યોજાએલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૩૪ દર્દીઓની આંખ તપાસ ડૉ.હર્ષાબહેન તથા ડૉ.ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ જરૂરિયાતમંદ ૧૫ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. 'દર્દી દેવોભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮ થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :

• ફેબ્રુઆરી માસમાં નિયમિત રીતે આવતાં સાંજના આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર શાંતિપ્રિય ભારતીય રમતો રમાડવામાં આવી. સાયં પ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, ગીતો, હર્ષનાદ કર્યા હતાં. તેમજ સ્કાઉટ તાલીમાર્થી ઉદય રાઠોડ, ગૌતમ બારૈયા, ધ્રુવ વાઘેલાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

ભાવનગર જીલ્લા  સ્કાઉટ ગાઈડ તરફથી યોજાએલ ખરી કમાઈ સપ્તાહમાં શિશુવિહાર સ્કાઉટ ટ્રુપના ૩૫ વિદ્યાર્થીઓએ રૂા. ૫૦૦૦ની ખરીકમાઈ કરી હતી જે નોંધનીય બને છે. માસ દરમિયાન સ્કાઉટ વિદ્યાર્થીના આરોગ્યને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ યોજવામાં આવી. ડૉ.શ્રી અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા ૩૫ વિદ્યાર્થીઓને તપાસ કરી તેમજ જરૂરી દવા આપી અને માર્ગદર્શન આપવામાં આવેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ ફેબ્રુઆરી માસમાં ૫૨૭ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૫ બહેનો જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૬૦મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે ફેબ્રુઆરી માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી સિકંદરભાઈ શેખ Refractometer દ્વારા ૯૩ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૫૫ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

ફેબ્રુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૪૫૫ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ફેબ્રુઆરી માસ દરમિયાન ૨૬૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હોમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતાં કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ ફેબ્રુઆરી માસ દરમિયાન ૨૯૪ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ



### ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓનાં માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતાં શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬:૦૦ થી ૭:૦૦ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૧૨ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

ફેબ્રુઆરી માસમાં ૧૫૫ વાચક સભ્યોએ ૧૫૦ પુસ્તકો વાચ્યાં તેમજ ૧૩૦ લોકોએ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી. '૧૮ પુસ્તક'(ધર્મેશભાઈ વડોદરીયા),'ચિત્રકાર લક્ષ્મણરેનું કલાવિશ્વ'(રમણિકભાઈ ઝાપડીયા) 'સંપર્ક'(હોલી ચાઈલ્ડ સ્કુલ-કલોલ) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે. સ્કાઉટના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની શુભેચ્છા પાઠવેલ.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વન:

ફેબ્રુઆરી માસ દરમિયાન શ્રી તદરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૨૭૩ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. પ્રાપ્તી ટ્યુશન ક્લાસીસના, મહેંદી સ્કૂલના ૫૭૦, સરદાર પટેલનાં ૩૬૦, કૃષ્ણલાલ સંઘવી બાલમંદિરના ૬૦ બાળકો. આમ કુલ ૧૦૧૦ બાળકો બાલદેવવનમાં રમવા આવ્યાં હતા. તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં ક્રમાંક ૨૩૧થી ૨૩૩મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને પેન્સિલ સ્કેચ, રેતી ચિત્ર તેમજ મંડલા આર્ટ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૧૦૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬:૦૦ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દ્રાબહેન ભટ્ટ

### સીવણ તાલીમ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૫ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા સ્વ.શ્રી રૂદ્રબાળાબહેનની સ્મૃતિમાં તમામ બહેનોને બટવા બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. સીવણ તાલીમાર્થી બહેનોને તા.૩ ફેબ્રુઆરીએ મહિલા સેવા સમાજ, આંબાવાડીમાં ચાલતા સીવણવર્ગની શૈક્ષણિક મુલાકાતે લઈ ગયા હતા.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૭ ફેબ્રુઆરી યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત ૧૪૧ કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી. સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

### ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા, ઉંચક-નીચક, બેલેન્સી ચાલ, લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન ૨૫૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

### માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન ઉપલબ્ધ સાધનોનો ૭૦ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

### સ્વ-રોજગાર:



સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૬ શ્રમિક બહેનો દ્વારા ફેબ્રુઆરી માસમાં કાપડની ૩૧૫ થેલી તૈયાર થતાં કુલ રૂ.૧૫૭૫/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૩,૦૬૨ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ



### સંગીત વર્ગ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન ૨ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર




**રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૩ રહી હતી.**

(૧)ફેબ્રુઆરી માસમાં શ્રી ભિખેશભાઇ ભટ્ટ (અમદાવાદ), (૨)શ્રી રાજેશભાઇ ઝવેરી (વડોદરા), (૩)ગ્રામસેવા મહાવિદ્યાલય(ગાંધીનગર) વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ફેબ્રુઆરી માસમાં ૧૧૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૪ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૫૫ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### : સાભાર સ્વિકાર :

- રીલેશન (મુંબઇ) તરફથી વેસ્ટ કાપડની બે ગાંસડી ભેટ મળેલ છે. મહિલા સશક્તિકરણ સાથે જરૂરિયાતમંદ શ્રમિક બહેનોના રોજગાર માટે સહાય આપનાર દાતાશ્રીઓનો શિશુવિહાર સંસ્થા આભાર માને છે.

## • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •

સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયના દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,40,000.00 | શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચે.ટ્રસ્ટ | નેત્રયજ્ઞ,સર્વાંગી સહાય |
| 1,00,000.00 | ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ | સર્વાંગી વિકાસ સહાય |
| 50,000.00 | ચંદ્રશંકરભાઈ અમૃતલાલ દવે | સર્વાંગી વિકાસ સહાય |
| 5,000.00 | ડૉ. મુકુંદરાય જી.દેસાઈ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી હસમુખભાઈ મુળજીભાઈ ગાંધી | પોષક આહાર સહાય |
| 5,000.00 | સજ્જનદેવી માણેકલાલ ધર્મદા ટ્રસ્ટ | સર્વાંગી સહાય |
| 3,600.00 | શ્રી મનસુખલાલ મોહનલાલ સલ્લા | કન્યાકેળવણી સહાય |

## બુધસભાઃ




• ફેબ્રુઆરી માસની ૨૩૨૫મી બેઠક તારીખ ૫ ફેબ્રુઆરીએ ડૉ.માનસીબેન ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ. બુધસભાની સ્થાપનાના વર્ષ ૧૯૮૦ની પ્રથમ બેઠકથી વર્ષ ૨૦૨૫ની ૨૩૨૪મી બેઠક સુધી નિરંતર અને સાતત્યપૂર્ણ ઉપસ્થિત રહેનાર સૌના વડીલ અને માર્ગદર્શક કવિશ્રી સ્વ.ડૉ.નટુભાઈ પંડયાને બુધસભા પરિસર દ્વારા તેમની જ ગઝલો અને ગીતોના પઠનથી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. શિશુવિહાર સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવે, સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ તેમજ કવિ ડૉ.વિનોદભાઈ જોશી, સાહિત્ય પરિષદના સદસ્ય શ્રી દાન વાઘેલાએ સ્વ.ડૉ.નટુભાઈ સાથેના સંસ્મરણો વાગોળતા તેમને શબ્દાંજલિ અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આજની સમગ્ર બુધસભા સ્વ.ડૉ.નટુભાઈ પંડયાના કાવ્યો, કાર્યો અને જીવનસુગંધનું સ્મરણ કરતા તેમના પ્રિય ભાવકો, ગમતા કવિઓ અને પરિવારજનો સાથે ૬૦ જેટલા સાહિત્ય રસિકોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બુધસભાની બીજી બેઠકમાં વસંત પંચમી માતૃભાષા દિવસ પ્રસંગોને આવરી વિવિધ રચનાઓ રજુ થઈ. શ્રી પરેશભાઈ ત્રિવેદીના સંકલનમાં ૨૫ જેટલાં કવિઓ ઉપસ્થિત રહયાં હતા. શ્રી દીપિકા યાદવના સંચાલનમાં યોજાએલ ત્રીજી બેઠકમાં 'સર્જક સાથે સંવાદ શ્રેણી અંતર્ગત જાણીતા કવિ શ્રી ડૉ.કિશોરભાઈ વાઘેલા સાથે રસપ્રદ વાતો થઈ. બુધસભામાં ૨૫ જેટલાં સાહિત્ય રસિકો ઉપસ્થિત રહયાં હતા. બુધસભાની ૨૩૨૮મી બેઠક તારીખ ૨૬ એ યોજાઈ. કવિ વિશેષ ઉપક્રમે યોજાએલ બુધસભામાં ''હૈયાના કોડની મોંઘી મુલાકાત'' શીર્ષક સાથે કવિશ્રી વિનોદભાઈ જોષીની ઉપસ્થિતિમાં કવિશ્રી બરબાદ જુનાગઢીના જીવન અને કવનની વાતો કવિ શ્રી જયદીપ મહેતાએ રજુઆત કરી હતી. બેઠકમાં ગુજરાતી ભાષાના શિરમોર સ્વ.કવિશ્રી અનિલ જોશીને અંજલિ અર્પણ કરવામાં આવી. બુધસભામાં ૨૦ સાહિત્યપ્રેમીઓ હાજર રહયાં હતા. આમ ફેબ્રુઆરી માસની ચારેય બુધસભામાં ૧૩૦ થી વધુ સાહિત્ય સર્જકોએ પ્રોત્સાહક ઉપસ્થિતિ દાખવી હતી.

સંચાલક : શ્રી માનસીબહેન ત્રિવેદી

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

• નંદકુંવરબા મહિલા કોલેજની ૩૫ બહેનો તા.૪ ફેબ્રુઆરીએ સંસ્થા મુલાકાતે આવ્યા હતા. સંસ્થા દર્શન બાદ ડૉ.નાનકભાઈ ભટ્ટ દ્વારા સમાજકાર્યનાં અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિશુવિહાર વિચાર અને પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન તેમજ સંસ્થા સાહિત્ય આપવામાં આવ્યું હતું.

• રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર, તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કંકાવટી ગ્રુપના ઉપક્રમે તારીખ ૬ ફેબ્રુઆરીએ 'દીકરી વ્હાલની વીરડી' નામે સાંસ્કૃતિક પ્રસ્તુતિ યોજાઈ. જેને મ્હાણવા ૧૫૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતા.

• ભારતનાં સહુથી યુવાન જાદુગર શ્રી યુવરાજસિંહ ચુડાસમા દ્વારા ખાસ વિદ્યાર્થીઓ માટે મેજીક શો તારીખ ૮-૯ ફેબ્રુઆરીએ રાત્રે ૮ થી ૧૧ રંગમંચ પર પ્રસ્તુતિ પામ્યો હતો. સંસ્થાનાં એ.સી. હોલમાં યોજાએલ જાદુના પ્રયોગોનો આનંદ શહેરના ૨૦૦થી વધુ નાગરિકોએ લીધો હતો.

• શહેરની ઝકરીયા શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માન તથા વાલી માર્ગદર્શન કાર્યક્રમ ૯ ફેબ્રુઆરીએ સવારે ૧૦ થી ૧ સંસ્થા પરીસરમાં યોજાયો. શ્રી રજાકભાઈ ઘાયલ દ્વારા આયોજીત કાર્યક્રમમાં ૪૦૦ મા-બાપ પધાર્યા હતા.

- શ્રી ગોપાલભાઈ ચૌહાણના સંકલનતળે 'સુનહરે નગ્મે' સંસ્થાનો બીજો ફિલ્મીગીતોનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ પર તા. ૯ ફેબ્રુઆરીએ યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.
- જે.કે.સરવૈયા કૉલેજ સરદારનગર ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ સોશિયલ વર્કના વિદ્યાર્થીઓ શિશુવિહાર સંસ્થાની શૈક્ષણિક મુલાકાતે આવ્યા હતા. પ્રિન્સિપાલ શ્રી બિપિનભાઈ ચૌધરીના સંકલનમાં ૧૧ ફેબ્રુઆરીએ પધારેલ ૬૦ બહેનોને સંસ્થા સાહિત્ય અને પ્રવૃત્તિ પરિચય આપવામાં આવેલ. આ મુલાકાતના આગળના દિવસે સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટએ કોલેજના પરિસરમાં ઉપસ્થિત ૧૫૦ વિદ્યાર્થીઓને શિશુવિહારની સામાજિક પ્રવૃત્તિઓ સંબંધે માર્ગદર્શન આપ્યું હતું.
- 'સ્વીટ સેવન' મ્યુઝિકલ અકાદમીના ૧૦૦ વિદ્યાર્થીઓની સંગીત પ્રસ્તુતિ તા. ૧૫ ફેબ્રુઆરીએ રંગમંચમાં યોજાઈ. સંગીત વિશારદ શ્રી ધર્મિન મહેતાના સંકલન સાથે યોજાએલ કાર્યક્રમ ભોજન બાદ સંપન્ન થયો હતો.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટનાં સંકલનથી સુર-સંગમ સંસ્થાનો ૯૧મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૧૬ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. પાશ્વગીતોના કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.
- ઘોઘા સર્કલ અખાડામાં યોગ કરાવતા શ્રી પૂનમબહેન પરમાર દ્વારા યોગાસનના ૨૫ વિદ્યાર્થીઓ માટે ૨૦ ફેબ્રુઆરીએ ડીઝાસ્ટર તાલીમ યોજવામાં આવેલ. શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા બહેનોને ઈમરજન્સી મેથડનું ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.
- ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરનાં આર્થિક સહયોગથી શાસ્ત્રીય ગાન અને નૃત્ય મહોત્સવ તારીખ ૨૨ ફેબ્રુઆરીએ સંસ્થા પ્રાંગણમાં યોજાયો. આ પ્રસંગે ૫૫ કલાકારોએ ભાતીગળ નૃત્યો અને ગાયનવાદ્ય રજુ કર્યા હતા. શ્રી નીતિનભાઈ દવેનાં સંયોજનથી યોજાએલ કાર્યક્રમને મ્હાણવા ૩૫૦ શ્રોતાઓ પધાર્યા હતા.
- નટરાજ કલા સંસ્થાનો ૧૬૭મો જુના હિન્દી ફીલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૨૩ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.
- કમિશ્નર શ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજયનાં ઉપક્રમે શહેર અને જીલ્લા આંગણવાડીનાં ૪૫૦ શિક્ષકો માટે મિલેટ મહોત્સવ યોજાઈ ગયો. ૨૫ ફેબ્રુઆરીએ પ્રોગ્રામ ઑફીસર શ્રી નીતાબહેન ત્રિવેદીના સંયોજનમાં યોજાએલ કાર્યક્રમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓએ મિલેટના પૌષ્ટિક ભોજનનો આનંદ લીધો હતો.



## શ્રી સુશિલાબહેન રમણીકલાલ મહેતા આરોગ્ય કેન્દ્ર- શિશુવિહાર

- દર્દી નારાયણની સેવાની તક મળવા બદલ મારી જાતને ધન્ય અનુભવું છું. કોરોના કાળની વિકટ પરિસ્થિતિમાં પણ શિશુવિહાર સંસ્થા દ્વારા તબીબી તથા અન્ય સેવા અવિરત શરૂ રખાઈ હતી જે સંસ્થા તથા કાર્યકરો માટે ગર્વ લઈ શકાય તેવી બાબત છે. આ કાર્યકાળમાં જનરલ ઓપીડી (સામાન્ય બીમારીઓ તેમજ સાંધાના દર્દો, મેદસ્વિતા, નબળાઈ, મધુપ્રમેહ સાથોસાથ હાઈપર ટેન્શન જેવી ગંભીર બીમારીમાં દર્દીઓને દવા તથા યોગ્ય માર્ગદર્શન (ટ્રીટમેન્ટ)આપી શકાય છે. તેનો સંતોષ છે. સ-વિશેષ કાંઠા વિસ્તારના ગામડાંઓમાં તથા કોર્પોરેશનની સ્કૂલ સાથોસાથ સંસ્થામાં પણ સતત કેમ્પ દ્વારા બાળકોની સાર સંભાળ લઈ વાલીઓને ખબર પણ ન હોય તેવા ગંભીર રોગોમાં બાળકના સ્વાસ્થ્ય માટે માર્ગદર્શન આપી રોગમુક્ત કરવા પ્રયત્નો કરી શકેલ છું.

ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

| ક્રમ | માસ | આરોગ્ય કેન્દ્રની સંખ્યા ડોઝ-લાભાર્થી | માંદગી સાધન સહાય કેન્દ્રના લાભાર્થિ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૨૩૫-૬૩ | ૫૩ |
| ૨ | ફેબ્રુઆરી | ૩૧૨-૯૪ | ૫૯ |
| ૩ | માર્ચ | ૩૭૫-૮૪ | ૭૫ |
| ૪ | એપ્રિલ | ૪૧૭-૮૪ | ૬૨ |
| ૫ | મે | ૩૧૭-૭૮ | ૭૯ |
| ૬ | જુન | ૩૬૩-૬૭ | ૬૧ |
| ૭ | જુલાઈ | ૪૬૭-૯૩ | ૭૨ |
| ૮ | ઓગસ્ટ | ૩૯૦-૧૧૧ | ૬૮ |
| ૯ | સપ્ટેમ્બર | ૩૫૩-૯૮ | ૫૧ |
| ૧૦ | ઓક્ટોબર | ૩૮૬-૧૦૧ | ૫૫ |
| ૧૧ | નવેમ્બર | ૪૩૫-૧૧ | ૫૧ |
| ૧૨ | ડીસેમ્બર | ૪૪૧૮-૧૧૯ | ૫૯ |
| | કુલ લાભાર્થી | ૪૪૬૮-૧૧૦૬ | ૭૪૫ |

**નોંધઃ ૧૧૦૬ દર્દીઓને આપેલ સારવાર (દવા) દિવસ (૪૪૬૮)**

દર્દી દેવો ભવ:ની સેવા ભાવનાથી શિશુવિહાર સંસ્થામાં વર્ષ ૨૦૨૪માં યોજાએલ ૨૪ નેત્રયજ્ઞ થકી ૮૫૪ દર્દીઓની આંખ તપાસ તથા ૨૭૧ દર્દીઓને મોતીયાનાં ઓપરેશનની નિ:શુલ્ક સેવા મળી છે.

**વર્ષ ૨૦૨૫માં દાતાશ્રીઓનાં અનન્ય સહકારથી યોજાનાર નેત્રયજ્ઞ સેવા માટે શિશુવિહાર સંસ્થા આભાર માને છે.**

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ:ભાવનગર સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|
| ૫૦૨ | ૨૪ જાન્યુ | સ્વ.નાનાલાલભાઈની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વાનાણી |
| ૫૦૩ | ૨૪ જાન્યુ | સ્વ.નાનાલાલભાઈની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વાનાણી |
| ૫૦૪ | ૨૮ ફેબ્રુ | સ્વ.જયોતિબહેન નલીનકાન્ત ઓઝા તથા<br>નલીનકાન્ત મુકુંદરાય ઓઝાના સ્મરણાર્થે<br>હ.શ્રી બાબુલભાઈ પ્રિયવદનભાઈ વ્હોરા |
| ૫૦૫ | ૨૮ ફેબ્રુ | શ્રી કુસુમબહેન વિનોદરાય શાહ |
| ૫૦૬ | ૨૮ માર્ચ | દાદીમાં જીવીમાની સ્મૃતિમાં<br>હ.શ્રી નવનીતભાઈ રાઠોડ |
| ૫૦૭ | ૨૮ માર્ચ | શ્રી રાઘવજીભાઈ ઝવેરભાઈ પટેલ |
| ૫૦૮ | ૨૫ એપ્રિલ | વડીલોની સ્મૃતિમાં<br>હ.શ્રી ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ |
| ૫૦૯ | ૨૫ એપ્રિલ | ગુણવંતીબહેન અને ચંદુલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી નીનાબહેન પ્રદીપભાઈ કપાસી |
| ૫૧૦ | ૨૩ મે | સ્વ.શ્રી તારાબહેન વડોદરીયાની સ્મૃતિમાં<br>હ.શ્રી ગુણવંતરાય વડોદરીયા |
| ૫૧૧ | ૨૩ મે | શ્રી હીરાબાની સ્મૃતિમાં<br>હ.શ્રી નાનકભાઈ ભટ્ટ |
| ૫૧૨ | ૨૭ જૂન | શ્રી રાઘવજીભાઈ ઝવેરભાઈ પટેલ |
| ૫૧૩ | ૨૭ જૂન | શ્રી લલીતાબહેન હીંમતલાલ બગડીયા<br>હ.શ્રી કિર્તીભાઈ બગડીયા |
| ૫૧૪ | ૨૫ જુલાઈ | સ્વ.કનુભાઈ શાહની સ્મૃતિમાં<br>હ.શ્રી સુધાબહેન કનુભાઈ શાહ |
| ૫૧૫ | ૨૫ જુલાઈ | શ્રી નંદલાલ મણીશંકર પંડયાની સ્મૃતિમાં<br>હ.શ્રી પ્રજ્ઞેશભાઈ પંડયા |
| ૫૧૬ | ૨૨ ઓગસ્ટ | શ્રી સુરેશભાઈ બુચની સ્મૃતિમાં<br>હ.શ્રી હર્ષિદાબહેન બુચ |
| ૫૧૭ | ૨૨ ઓગસ્ટ | શ્રી વસંતભાઈ કે. શાહના<br>જન્મદિવસ નિમિત્તે |
| ૫૧૮ | ૨૬ સપ્ટે. | સ્વ.ચંદ્રિકાબહેન તનસુખરાય ભટ્ટની સ્મૃતિમાં<br>હ.શ્રી પૂર્ણિમાબહેન તનસુખરાય ભટ્ટ |
| ૫૧૯ | ૨૬ સપ્ટે. | સ્વ.ગિરજાબહેનની સ્મૃતિમાં<br>હ.શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ |
| ૫૨૦ | ૨૪ ઓક્ટો. | શ્રી જૈનુદ્દીનભાઈ વી.વલીની સ્મૃતિમાં<br>હ.શ્રી શબનમબહેન કપાસી |
| ૫૨૧ | ૨૪ ઓક્ટો. | શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઈ<br>વકીલની સ્મૃતિમાં<br>હ.ડૉ.શ્રી નિર્મળભાઈ અને ભરતભાઈ વકીલ |
| ૫૨૨ | ૨૮ નવે. | સ્વ.માતુશ્રી ભાગીરથીબહેન મનસુખલાલ<br>આચાર્યની સ્મૃતિમાં<br>હ.ડૉ.કે.એમ.આચાર્ય |
| ૫૨૩ | ૨૮ નવે. | સ્વ.માતુશ્રી ભાગીરથીબહેન<br>મનસુખલાલ આચાર્યની સ્મૃતિમાં<br>હ.ડૉ.કે.એમ.આચાર્ય |
| ૫૨૪ | ૨૬ ડિસે. | સ્વ.ગુણવંતભાઈ વડોદરીયાની સ્મૃતિમાં<br>હ.શ્રી સુનિલભાઈ વડોદરીયા |
| ૫૨૫ | ૨૬ ડિસે. | માતુશ્રી સ્વ.ગીતાલક્ષ્મી હરિકૃષ્ણ ભટ્ટ<br>પિતાશ્રી સ્વ.ડૉ.હરિકૃષ્ણ ભટ્ટની સ્મૃતિમાં<br>હ.ઉર્મિલાબહેન અશ્વિનભાઈ ભટ્ટ |



**(અનુસંધાન પહેલા પાનાથી શરૂ)**

જળનું હોવું એટલે કરૂણામય પરિશ્રમ. આ સેવા સન્માનાર્થીઓએ પોતાનાં જીવનમાં જે તપસ્યા કરી છે, જે પરિશ્રમ કર્યો છે એનો પરસેવો એ ઘડાનું જળ છે. જળ એટલે કોઈ બિમાર, કોઈ અશિક્ષિત, કોઈ જ્ઞાન વંચિત એવી વ્યક્તિને તેઓએ જોઈ હશે અને એની આંખમાં અશ્રુનુ જળ આવ્યું હશે. એ જળનો વિચાર છે. સેવાભાવથી પ્રેરિત આ મહાનુભાવોને મનુષ્યના પરમ તત્વમાં શ્રદ્ધા હશે, ભરોસો હશે, પરમ તત્વમાં રહેલી શ્રદ્ધાને લીધે એના હૃદયમાં રસ તત્વો પણ હશે, સત તત્વો પણ હશે, ભાવના પણ હશે. આ જળતત્વ છે. એક રામકથાના ગાયક તરીકે મને આ સેવા વંદનામાં આવા જળતત્વોનું દર્શન થાય છે કારણકે હું નવ દિવસ સુધી મહાકુંભમાં ત્રિવેણીનાં જળના દર્શન કરીને આવ્યો છું. અને અહિંયા માનબાપાની સંસ્થામાં આજે ત્રણ પ્રકારના જળનું દર્શન, પરિશ્રમનો પરસેવો, દિન-દુ:ખીયા તરફ પ્રગટેલાં દર્દનાં આંસુઓ અને પરમજળ તે કોઈ પરમાત્મા તરફની રસમયી વૃત્તિ.

સૌરાષ્ટ્રમાં પ્રાચીન ભજનિકો ગાતા હોય છે કે ''જળ બિન ઉતરે ન આરતી'', જળ તત્વ વગર કોઈની આરતી નથી થતી, ટીપાં જરૂરી છે, ગંધ જરૂરી છે, બીજી બધી સામગ્રી જરૂરી છે, એટલે તલગાજરડાનાં રામજી મંદિરમાં સાધુ તરીકે હું આપ સેવા સન્માનાર્થીઓમાં રહેલ જળતત્વની વંદના કરવા આવ્યો છું. તો મારી આ આરતી, મારી આ વંદના સ્વીકારજો.

એક સુભાષિત અનુસાર નદીઓ પરોપકાર અર્થે જ વહે છે, વૃક્ષો પરોપકાર માટે જ ફળ આપે છે, સૂર્ય પરોપકાર માટે જ પ્રકાશ આપે છે. નદી, વૃક્ષ અને સૂર્ય એ જે પ્રકૃતિનાં તત્વ પૃથ્વીના સાથે જોડાયેલું છે. નદી એટલે જળ તત્વ, સૂર્ય એટલે અગ્નિ તત્વ અને એની સાથે વાયુ તત્વોનો સંયોગ હોય જ એ વાયુ તત્વ. અને આ બધાને થોડીક મોકળાશ પણ જોઈએ!!! એ તેનું આકાશ તત્વ છે. આ જે તત્વો છે એ બધા પરોપકાર માટે જ જીવે છે. અમારું તલગાજરડા પ્રવાહી પરંપરાને સ્વીકારે છે ત્યારે કહી શકે. પરંપરા જડ ન હોવી જોઈએ. આ કાંઈ ઉપદેશ માટે નથી પણ હું મારા માટે, તેમ જેટલું આપણે જીવવાનું છે એમાં થોડુંક આવું સમજીને જીવવાની કોશિષ કરીએ તો, પરંપરા પ્રવાહીત રીતે શોભી ઉઠી. બીજું પરંપરા પ્રવાહમાન, સતત વહેતી હોય અને ત્રીજું જળતત્વ સભર પરંપરા પવિત્ર હોય. મને એવું પણ લાગે છે કે પરંપરા પરોપકારી પણ હોય. એટલે મે આ ત્રિવેણી સંગમ ઉપર કથા કરી છે. આ બધી પરોપકાર કરનારી મૂર્તિઓની મે આરતી ઉતારી છે. પ્રવર્તમાન વિગ્રહોની સ્થિતિમાં આરતી ઉતારી છે. આ જગતમાં પરોપકારના માર્ગમાં પણ સહાનુભૂતિ

જાગે પણ મનમાં સવાલ થાય !!! સમાનાભૂતિ નું શું?

પ્રસંગ યાદ આવે છે ઠાકુર રામકૃષ્ણ પરમહંસનો. નૌકામાં પોતે જતા હોય છે ત્યારે બીજી કોઇ નવકામાં એક જમીનદાર તેના મજુરને ચાબુકથી ફટકારે છે ત્યારે પરમહંસ ચીસ પાડી પોકારે છે કે ''ન મારો, ન મારો'' તે સમયે એમની સાથે રહેલા સાધકો કહે કે ઠાકુર આપને કોણ મારે છે? તો કહે પેલી દુર નૌકામાં એક જણો બીજાને મારી રહયો છે, ત્યારે વેદના સભર અશ્રુઓથી રામકૃષ્ણદેવ કહે છે મારી પીઠ ઉપર પણ કોરડાની સોળ ઉઠે છે. આ છે સમાનુભૂતિ. પરોપકારની વૃત્તિએ સમાનુભૂતિનો યજ્ઞ છે.

સેવાપ્રવૃત્તિ શિક્ષણ હોય, કલા હોય, સાહિત્ય હોય, સંગીત હોય-આખાં જગતમાં વિશ્વનું કલ્યાણ કરનાર આપણાં ભારતીય વેદોએ અને ઉપનિષદોએ બહુ કામ કર્યુ. વેદોએ, નક્ષત્રોએ બહુ કામ કર્યુ છે. વ્યકિત વિશેષોએ બહુ જ સેવા કરી છે. સાહિત્ય, કલા અને સંગીતે પણ ગજબનું કામ કર્યુ છે. સમાજને તેની મૂળ જગ્યાએ બેસાડવા માટે અથવા તો યાત્રા કરી ચૂકયાં હોઇએ તો ફરી મૂળ જગ્યાએ પાછા લાવવા માટે અથવા તો આ યાત્રા કોઇનામાં ઓગળી જાય તેવો સંકેત કરવા માટે જળની સદ્પ્રવૃત્તિઓ સમાનુભૂતિની યાત્રા બને છે.

મે એક પ્રસંગ વાંચેલો. એક બાળક તેના પિતા સાથે કુતરાનું નાનું બચ્ચું ખરીદવા જાય છે ત્યારે તે બાળકને એક ખૂણામાં બેસીને નાના એવા રૂમાલના કટકા સાથે રમતું ગલુડીયું ગમી જાય છે. બાળકને એ ખરીદવું છે પણ દુકાનદાર ના કહે છે કારણ તે ગલુડીયાનો એક પગ તૂટેલો છે. પણ બાળકની જીદ એ ગલુડીયું ખરીદવા માટે રહે છે ત્યારે દુકાનદાર કહે છે આવું લંગડું નહીં હું તમને વધુ તંદુરસ્ત અને દેખાવડું કૂતરૂં આપું!!! બાળક પોતાનો તુટેલો પગ બતાવી કહે છે મારે આની સાથે દોસ્તી કરવી છે- આ છે સમાનુભૂતિ એક ખૂણામાં સ્થિર થએલ આનંદિત ગલુડીયું પેલા બાળકને સ્પર્શી ગયુ હશે. મારે ને તમારે ખુણાની યાત્રા કરવાની છે. આ ખૂણો એટલે ભકિતનો ખૂણો, આ ખૂણો એટલે એકાંતનો ખૂણો, આ ખૂણો એટલે મૌનની અનુભૂતિનો ખૂણો. સેવા કાર્ય ભલે બહાર થાય પણ તેમની પ્રતીતિ તેની સમાનુભૂતિ તો હૃદયના એક ખૂણામાં જ થાય છે.

સેવાનાં કાર્યમાં સમાનુભૂતિ પ્રગટે છે ત્યારે ગાંધી બની જવાય, સ્વામી રામતીર્થ બની જવાય, કબીર બની જવાય તો મને એમ લાગે છે કે, આ સંવેદના મને અને તમને સેવા તરફ દોરે છે. મે ઘણી વખત કહયું છે, ફરી વખત અહીંયા દોહરાવું છું કે, જે દેશ પાસે વેદ હોય પણ સંવેદન ન હોય તો એ દેશે ઘણું ગુમાવ્યું કહેવાય. સંવેદના તત્વ છે. વેદમાં પણ ઉપાસના કાંડ છે એ ઉપાસનાનો અર્થ છે કે વેદનો ઋષિ પણ કોઇ એવાની



પાસે બેઠો છે કે તેઓમાં રહેલી સંવેદના સંક્રામક બનીને એની બાજુમાં બેઠેલાને સ્પર્શ કરે છે. હું એક ઉપનિષદ્નો શ્લોક સાંભળતો હતો એમાં તો જયારે ગુરુ અને શિષ્યનો સંવાદ પુરો થાય ત્યારે સામાન્ય રીતે જેમ આભાર દર્શન થાય છે તેવું કંઇ નહી. બસ બધુ શાંત. ગુરૂવર્યનો આભાર, ધન્યવાદ. ભૂલ ચૂક હોય તો ક્ષમા કશું જ નહી. ઉપનિષદ્નું નામ છે સર્વસાર ઉપનિષદ્, બહુ નાનુ છે, સંસ્કૃત પણ બહુ સરળ છે. મને ઉપનિષદ્ બહુ જ ગમે પણ એમાંય સર્વસાર ઉપનિષદ્ વધારે પ્રિય. અદ્ભુત.

આપણા દેશની અધ્યાત્મ પરંપરામાં કેટલાય સાધકો બુદ્ધ પુરુષ પાસે બેઠાં છે જયાં ઉપનિષદ્દો રચાયાં છે, પણ લખાયાં નથી. એનો કોઇએ પાઠ પણ નથી કર્યો. આપણી અનુભવ સિદ્ધ પરંપરા તો કહે છે શુદ્ધ અને સિદ્ધની પાસે બેસવું એ ઉપનિષદ્થી કાંઇ ઓછું નથી. એનાં વાયુમંડળમાં બેસવું, તેમની ચેતનાની પ્રવાહિત થતી લય સાથે સાનિધ્ય, શ્રેષ્ઠ બને છે. શંકરાચાર્યજી કહે છે ''મનોબુદ્ધયહંકાર ચિત્તાનીનાહં''. આપણી પાસે ચિત્ત છે એટલે ભૂતકાળનો શોક થાય, ભવિષ્યની ચિંતા થાય, વર્તમાનમાં ખોવાઇ જવાય. ચિત્ત આવું જ કંઇક વિચિત્ર રચના કરનારું યંત્ર છે.

સર્વસાર ઉપનિષદ્ મારી પાસે દાદાના વખતનું પડયું છે. નેપાળના તપોવન આશ્રમના વરિષ્ઠ ધર્મગુરુ અરૂણ સ્વામીએ મને ઓશોએ ઉપનિષદ્ અંગે જે કંઇ કહયું તે ગ્રંથ આપ્યો છે. મને માનવ સહજ વિચાર થયો ઉપનિષદ્માં શિષ્યને આટલું બધું અપાય છે છતાં કયાંયે ધન્યવાદ વ્યકત નથી કર્યો. ગુરુ માટે કૃત-કૃત્ય ભાવ વ્યકત થયો નથી. નહિતર આવું તો માણસ બોલે જ. ધન્ય બન્યા અમે. ઓશોની ટિપ્પણી મને બહુ ગમી એમ કહે કે અહિંયા શિષ્ય બોલતો જ નથી. કારણકે આટલું મેળવ્યાં પછી શિષ્ય પણ મટી જાય છે. શિષ્યનું હોવું પણ ઉણપ તરફ સંકેત છે. તો એવી અધ્યાત્મિક પરંપરા કે જયાં ધન્યવાદ કરવાનો પણ શિષ્ટાચાર નથી. ઓશોતો કહે છે ''સિગ્નેચર ઓન ધ વોટર''.

આજે પણ ઉપનિષદો રચાય છે. પ્રિન્ટ નથી થતાં અને જરૂરી પણ નથી. હુ તો એમ પણ કહીશ કે ગ્રંથના આકારમાં આવે એ પણ જરૂરી નથી. આકાર આવ્યો એટલે સમજવાનું કે આકારને સીમા આવી. આકાર તો નિરાકારામાં ભળવા માટે આતુર રહેશે જ. પ્રિન્ટ થયા વગર, બોલાયા વગર, સાંભળ્યા વગર માત્ર સંનિકટ સાનિધ્ય ઉપનિષદ્ રચે છે.

મને આ કાર્યક્રમોમાં આવવું ગમે છે. માનદાદાની સાથે તો જયારથી નાતો બંધાયો અને દાદાની મારા તરફની શ્રદ્ધા મે જોઇ છે તે શિશુવિહાર સંસ્થાના કાર્યક્રમમાં હું આવું છું મને ગમે છે કારણ આવું કરનારા યજ્ઞ કર્મીઓ એની બાજુમાં બેસવાથી પણ કંઇક સર્જાય છે જે હું અને તમે

જોઇ શકતા નથી પણ આગળ વધતું ઉપનિષદ્ છે. પ્રેક્ષકો; સભાનું સ્થળ-વ્યવસ્થા ઉપસ્થિત મહાનુભાવો તેવું વર્ણન લઈને સાથે જશે પણ તેથી વિશેષ ખાલી જગ્યામાં બીજું ઘણું પણ છે. આવતું વિજ્ઞાન કદાચ શોધવાની કોશિસ કરશે તો ઉપનિષદ્નો સંદર્ભ વધુ નિખાર પામશે. આ રીતે આ સાત્વિક સમારંભે આવવાનું ગમે. ક્યારેક રજોગુણીય સમારંભમાં પણ જવું પડે કારણકે આપણે સંસારી છીએ મન રાખવું પડે. મને રાજકોટની કથામાં કોઈ પત્રકારે પૂછ્યું કે, ''બાપુ તમે બહુ બીઝી રહો છો'' એટલે મે ટૂંકો જવાબ આપ્યો કે ''હું ઈઝી છું એટલે બીઝી છું.'' હું કોઈને ના નથી પાડી શકતો એટલે હું બિઝિ છું. બાપ તો કાર્યક્રમમોમાં બીજું ઘણું સર્જાય છે જેઓને સન્માનની પડી નથી. આપણે તો એને ગોતીએ અને ૧૦૦ ટકા આપણે એનું સન્માન કરવું પડે. અહિંયા બેઠા છે આમાં કોને સન્માન જોઈએ છે. સન્માન જોતું હોય તો કોઈ આટ-આટલા વિદેશથી કોઈ આટલી મોટી જવાબદારી છોડી પોત-પોતાનું સ્વક્ષેત્ર છોડીને શું કામ આમાં પડે. આ એક દુપટ્ટો ઓઢવા માટે કે આ એક નાનકડી એવી રાશિ માટે!!! હું તો કોઈને પણ રાશી આપું જ નહિ. આ સેવાનું આપણે શું આપી શકીએ!!! પણ સંક્રામક સેવાથી બીજાને પણ પ્રેરણા મળે છે. એ એવા જ માણસો કરી શકે જેનામાં જળમાં તરતી માછલીનો સ્વભાવ આવ્યો હશે.

મારી આખી વાતમાં જળ કેન્દ્રમાં છે. હું આ શિવરાત્રીએ ૮૦માં વર્ષમાં પ્રવેશ કરીશ એટલે ઘણું કહેવાય. આટલું બધું જીવાય નહીં યાર. પણ કાંઈ કંટાળ્યા પણ નથી. હજી ઘણું જીવવું છે ને જીવીશું પણ ઘણું કહેવાય. દિલ્હીનો એક દલિત આશ્રમ જ્યાં મે કથા કરી છે. મહાત્મા ગાંધી બાપુ ત્યાં હતા. સવારે દાતણ કરે અને લોટાંમાં ગરમ પાણી રાખે. મનુબહેન ગાંધી અમારા મહુવાના એણે આ પ્રસંગ મૂક્યો. દાંતણ કરતાં કરતાં ગાંધીજી એમ બોલ્યાં કે મનુ મારી ઈચ્છા છે કે ભાગવત ગીતાનું ભાષ્ય તો મે કર્યુ પણ હજુ મારે રામચરિત માનસનું ભાષ્ય કરવું છે. રામચરિત માનસ એ જળતત્વ છે એ રસતત્વ છે. ''રસાનામ છંદસામપિ'' એ રસ છે અને તેથી ગાંધીજીને પણ આવો વિચાર આવ્યો કે મારે એનું ભાસ્ય કરવું છે. તેઓ ન કરી શક્યા કારણ ઉંમર પૂરી થઈ ગઈ. મહાદેવભાઈ દેસાઈ એ પણ વિચાર કર્યો ,સમયની અનુકુળતા ન રહી આ ઈતિહાસ છે.

ખેર મારી અને તમારી પાસે તો આજે જળતત્વની વાત છે તો માછલી આપણે બધાયે જોઈ છે માછલી બજારમાં વેચાય ત્યારે તેની કિંમત હોય છે પણ જયારે તે તરતી હોય ત્યારે તેનું મૂલ્ય હોય છે. વેચાય ત્યારે તે મૃતક છે. પણ તેની પ્રવાહી સ્થિતિનું મૂલ્ય છે. કાગબાપુ ગાય છે ભેગા બેસનારા ભરમાણા. મચ્છરે ગરુડને જઈને પૂછ્યું કે આકાશના છેડા કેટલે છે?



માછલીએ મગરને જઈને પૂછ્યું કે દરિયાનાં તળિયાં કેટલે છે? બધાંજ ભેળા બેસેલા ભરમાણા. બાપ માછલી તરે છે નર્તન કરે છે. શ્રૃંગાર રસ વિષયમાં પણ માછલી કોઈ દિવસ સ્પર્ધા નથી કરતી. માછલીઓ આગળ નીકળી જઈને પણ રાજી થાય છે. બીજી તરફ જળના જીવ કરચલા પણ છે.

જોકે કરચલા એ સ્પર્ધા વગર જીવી શકતા નથી. દરિયાના કિનારે વાસણમાં કરચલા પડયા હોય તો જરાક કૂદકો મારીને બહાર નીકળી જાયને સમુદ્રમાં વહી શકે, જીવી જાય પરંતુ સ્પર્ધા એકમેકને પકડી રાખે છે ને સમુદ્રની અનંત વૃત્તિથી દુર રાખે છે.

આ પ્રવૃત્તિમાંથી જેણે જળતત્વનાં પરિશ્રમનું જળ, સંવેદનાનું જળ અથવા તો પ્રેમ રસના જળની ઉપાસના કરી હશે એ સ્પર્ધામાં નહિ જીવે. એ પોતાની રીતે તરતા હશે. તો આવી રસમયી વંદના શિશુવિહારમાં દર વર્ષે થાય છે. માનદાદાની ચેતનાનું સ્મરણ સતત વહેવી ઉર્જા દર્શન દે છે. નાનકભાઈ તો જયારે આખો પ્રોગ્રામ લઈ તલગાજરડા આવે છે ત્યારે મને એમ થાય કે કેટલી પ્રવૃત્તિ કરે છે આ સસ્થા. ક્યારે નિવૃત્ત થશે. કેટલી પ્રવૃત્તિઓ.... પણ ઘણી વખત સંવેદના માટે બીજાને ઉપયોગી થવા માટે અને પરમ  તત્વની સાધના માટે રસમયી પ્રવૃત્તિ જયારે થાય છે તો તે જળમયી પ્રવૃત્તિ બને છે આવી પ્રવૃત્તિઓ પોતાના મનની વૃત્તિનો અનુભવ કરાવતી હોય છે તે જોઈ રાજી થાવ છું બાપ.

મને ઘણાં પૂછે છે કે બાપુ તમે ક્યારે નિવૃત્ત થશો? મે કીધું કે તારું બગાડયું છે શું? મને સાવ નવરો કરી તારી ઈચ્છા  શું છે? અમુક પ્રવૃત્તિ નિવૃત્તિમાંથી જ જન્મે છે. જેની માનસિકતા અનેક વસ્તુમાંથી નિવૃત્ત થઈ હોય. અને બધો જ ફોર્સ જયારે પ્રવાહી પરોપકારી અને પવિત્ર પ્રવૃત્તિમાં વળી ગયો હોય અને તો પણ એ માણસ સક્રિય હોય ત્યારે તેનું ધ્યાન અક્રિય બને છે. એ નિરંતર કોઈના ધ્યાનમાં બેઠો હોય છે એવા આ પાંચેય વ્યક્તિઓની વંદના કરવા હું દર વર્ષે આવું છું.

ગાય ઘાંસ ખાઈને દૂધ આપે પણ ગાય પોતાનું દૂધ નથી પીતી, એ તો એનાં વાત્સલ્યને પીવડાવે છે, આશ્રયીનું પોષણ કરે છે તેમ આવા સાધકોના જે પરિશ્રમી છે, જે સંવેદન શીલ છે, જેનું જીવ સાહિત્ય, સંગીત કે કલામાં જળતત્વથી ધોળાયો છે, રસને માણે છે, રસ પીવે છે, રસમાં ડૂબવાની ઓતપ્રોત થવાની કોશિશ કરે છે. એવા સાધકોની વંદના કરવાનું આવે ત્યારે આપણને ગમે, આપણાં હાથ હોય એના કરતાં થોડાંક વધારે સારા થાય, આવું સન્માન કરીએ, જેમ ભગવાનને આપણે શ્રૃંગાર કરીએ એમ આ હાથનો શ્રૃંગાર છે.

ભગવાન વેદ કહે ''અયં મે હસ્તો ભગવાન'' આપના હાથ

જગન્નાથ એ તો વેદમાંથી આવેલું વચન છે. આ જેણે લખ્યું એને વેદની ખબર હોય કે ન હોય એ મને ખબર નથી પરંતુ માણસનો હાથ અથવા તો આ સાધકોનો હાથ, અથવા તો આવું જે-જે સમાજમાં જળતત્વને કેન્દ્રમાં રાખીને સદકાર્ય કરે છે એમનો હાથ સમાજની બીમારીની ઔષધિ બને છે. આ હાથ જગતની સુંદરતામાં વધારો કરે છે.

શિશુવિહાર પરિસરની આ સંધ્યામાં મને જળતત્વની આરતી ઉતારવાનો અવસર મળ્યો. એનો હું પોતે બહુ જ આનંદ અનુભવું છું. બાપ શરીરની ઉંમર હોય એટલે એના ધર્મો હોય પણ મને બહુ શ્રમ પહોંચતો નથી. મારા રામજીની વિશેષ કૃપા છે. જોકે એવા માણસોનો સંગ થયો હોય તો થાક લાગે. પણ એમાં મારો વાંક નથી. મે જેનો સંગ કર્યો એ વૃત્તિનો વાંક છે ખેર!!! પરંતુ વળી પાછા આવા એકાદ કાર્યમાં આવીને ઉભા રહી જઈએ એટલે શ્રમ વિશ્રામમાં પરિવર્તીત થાય છે. હું વિશ્રામ લેવા આવ્યો છું આપ સૌને પ્રણામ, જય સિયારામ.

**(લેખનઃ સૃષ્ટિ સોલંકી)**

### આર્થિક યોગદાન માટે વિનંતી

**શિક્ષકોનાં સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંગે શિશુવિહાર સંસ્થા દ્વારા પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને સ્કૂલ કીટ વિતરણ સહકાર માટે વિનંતી- પ્રવૃત્તિ સાતત્ય વર્ષ: ૧૫**

| | | |
|---|---|---|
| કંપાસ સેટ- ૧ | ૪૨×૧૪૦૦/- | = ૫૮,૮૦૦/- |
| નોટબુક સેટ-૫ | ૧૩×૭૦૦૦/- | = ૯૧,૦૦૦/- |
| સ્કૂલ બેગ- ૧ | ૨૧૦×૧૪૦૦/- | = ૨,૯૪,૦૦૦/- |
| વોટર બોટલ- ૧ | ૨૦×૧૪૦૦/- | = ૨૮,૦૦૦/- |
| સ્કૂલ શૂઝ(પેર) | ૧૨૫×૧૪૦૦/- | = ૧,૭૫,૦૦૦/- |
| | કુલ ખર્ચ | ૬,૪૬,૮૦૦/- |

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને માતા અથવા પિતાની ખોટ ધરાવતા ૧૪૦૦ ગરીબ વિદ્યાર્થીઓને શિશુવિહાર પ્રતિ વર્ષ સ્કૂલ કીટ પહોંચાડે છે. આ માટેનો કુલ ખર્ચ ૬,૪૬,૮૦૦/- થતો હોય છે. વર્ષ ૨૦૧૦થી પ્રારંભાયેલ શિશુવિહાર સંસ્થાની સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિને લક્ષમાં લઈ આપ કોઈ એકાદ વસ્તુની સહાય આપી શકો તો આભારી થઈશું.

ડૉ.નાનકભાઈ ભટ્ટ-મંત્રી
મો.૯૮૯૮૪૬૩૪૮૯



## શિશુવિહારનાં સેવા કર્મી (૩) શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ
## સર્વાંગી તાલીમ વર્ષઃ ૧૯૫૦-૨૦૨૫



શિશુવિહાર સંસ્થાના આજીવન સેવક ઈન્દાબહેન માનભાઈ ભટ્ટનો જન્મ ૧૯૩૮માં થયો અને તેમનાં પુણ્ય સંયોગે શિશુવિહાર સંસ્થાની સ્થાપના ૧૯૩૯માં થઇ. ભાવનગરના રાજવી પરિવાર દ્વારા પ્રેરિત મહિલા વિદ્યાલયમાં માધ્યમિક કક્ષા સુધી શિક્ષણ મેળવી બાળ શિક્ષણ વિષય સાથે પ્રી.પીટીસી, ત્યારબાદ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં એમ.એડ ની પદવી મેળવી. માતા હિરાબહેન અને માનભાઈ પરીવારનાં જ્યેષ્ઠ સંતાન તરીકે ઈન્દાબહેનમાં માતા પાસેથી ઈશ્વર ભકિત, શ્રદ્ધા, સાદગી, સર્જનાત્મક શ્રમ ઉપરાંત સેવા કાર્ય સાંપડયાં તો પિતા માનભાઈ પાસેથી નિષ્કામ સેવા અને દ્રઢ સંકલ્પ વિરાસતમાં મળતા જીવનને એક નિશ્ચિત આકાર મળતો રહયો.

શિશુવિહાર સંસ્થાના સ્થાપક પૂજ્ય માનભાઈ અને તેના સંસ્થાગત ઉદ્દેશો સાથે કદમથી કદમ ભરવાની ખેવના ઈન્દાબેને સંસ્થાની સર્વાંગી તાલીમમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે અને પછીથી શિશુવિહાર સંસ્થાના સંચાલક તરીકે અગ્ર હરોળમાં પ્રદાન કર્યું છે. ૧૯૫૪માં જયપુરમાં સ્કાઉટ ગાઈડ જંબોરીમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરનાર ઈન્દાબેને ભાવનગર જીલ્લા અને ગુજરાત રાજ્યની સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિમાં કમિશ્નર તરીકે સેવાર્થી રહી હજારો વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ નાગરિક તરીકે ઘડતર કરવામાં સીમાચિન્હ યોગદાન આપ્યું છે.

વર્ષ ૧૯૬૨ થી ૧૯૭૮ સુધી શિશુવિહાર સંસ્થા સ્થાપિત નવજીવન બાળશાળામાં ધો. ૧થી ૧૧નાં શાળા સંકુલનાં આચાર્ય તરીકે જવાબદારીનું સુચારૂ વહન કરનાર ઈન્દાબેન શિક્ષણને સરકારી ગ્રાન્ટથી મુક્ત રાખવાના અને સ્વાયત્ત એકમ તરીકે અવૈધિક તાલિમનાં સૈદ્ધાંતિક આગ્રહે શાળાનો માતબર પગાર અને હોદ્દો છોડી શિશુવિહારની માનવ ઘડતર સેવા સાથે જોડાઈ રહેવાનો ઐતિહાસિક નિર્ણય લઈ આજીવન લોકસેવક બન્યાં.

૨-૫ જોડ ભગવા વસ્ત્રો અને શરીર ઉપર એક પણ અલંકાર વિના માત્ર પ્રેમ અને કરૂણામય જીવન વ્યતિત કરતા ઈન્દાબેન સ્વયં મહિલા

સશક્તિકરણનું ઉદાહરણ રહયાં છે. શિશુવિહારની સીવણ તાલીમના માધ્યમથી ૧૧૦૦૦થી વધુ જરૂરિયાતમંદ શ્રમિક બહેનોને સીવણ તાલીમ વ્યવસ્થા આપનાર શિશુવિહાર સંસ્થાના સંવાહક ઈન્દાબહેન ૩૯૦ પરિવારની બહેનોને સીવણ સંચા પહોંચાડી તેમ ધોરણ ૧૦-૧૨ સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતી ૪૦૦૦ બહેનોને રૂા. ૪૭ લાખની વિદ્યોત્તેજક સહાય પહોંચાડવામાં પ્રેરક બન્યાં છે. પર્યાવરણની જાળવણી માટે બહેનો પાસે ૨ લાખથી વધુ કાપડની થેલી તૈયાર કરાવવા ઉપરાંત વેસ્ટ કલોથનાં સર્જનાત્મક ઉપયોગથી ૮ લાખથી વધુ રકમની રોજગારી આપનાર ઈન્દાબહેન પૂજ્ય માનભાઈ અને શિશુવિહાર સંસ્થાનાં પર્યાય રહયાં છે.

બાલ દેવો ભવ:ની ઉત્કૃષ્ટ ભાવનાથી વર્ષ ૧૯૫૩થી કાર્યાન્વિત ઈન્દાબહેન ભટ્ટનાં સેવા વ્રતને દિવ્યજીવન સંઘનાં પૂર્વ અધ્યક્ષ સ્વામી ચિદાનંદજી મહારાજ દ્વારા સન્યસ્થ દિક્ષા મળી છે. સ-વિશેષ દિવ્યજીવન સેવા રત્ન એવોર્ડ પણ એનાયત થયેલ છે. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ રેલીમાં જીલ્લા કમિશ્નર તરીકે વિશ્વભરમાં ગર્લ ગાઈડીંગ શરૂ કરનાર લેડી બેડન પોવેલના વરદ હસ્તે ગર્વનર એવોર્ડ સ્વીકારી શિશુવિહારને ગૌરવવંત કર્યુ છે.

વિદ્યાર્થીઓનાં જીવનમાં પ્રેરણારૂપી શ્રી ઈન્દાબહેન અંગે વિશ્વના જાણીતા ફેવિકોલ ઉદ્યોગનાં પરિવાર સભ્યશ્રી મૃદુલાબહેન પારેખ નોંધે છે. ભાવનગરનો કલાત્મક ચંદરવો એટલે મુઠી ઉંચેરા માનવ માનભાઈ ભટ્ટનું માનસ સંતાન 'શિશુવિહાર'. અને તેનું અદકેરું જતન કરતાં તેમનાં મોટા દિકરી, યુવતિઓને શરમાવતા ૮૨ વર્ષના મૂક કાર્યકર એટલે ઈન્દાબહેન. આજે સંસ્થાની અને ઈન્દાબહેનની મુલાકાત માણી. સાથોસાથ તેમની કલા કારીગરીની આગવી સૂજ, તેમના આંગણાની બોલકી રંગોળીએ આવકાર્યા-હીરાબાની મીઠી યાદ અપાવી.

આ ભગવાધારીએ સમાજ સેવાની આલેખ સાર્થક કરી છે. જરૂરિયાતમંદ બહેનોને સીવણ, ગૂથણ, હસ્તકલા, મહેંદી, બ્યુટીપાર્લરના કામો શીખવી બહેનોને પગભર કરવા સિંહફાળો સિમાચિન્હ બને છે. શિશુવિહાર સંસ્થા અને ઈન્દાબહેનને સેલ્યુટ.



REGN.NO.L2/36/RNP/BVHO-46/2025-2027 RENEWED UPTO Dt. 31/12/2027
RNI REGISTRATION No. GUJGUJ / 2009 / 30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઇન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઇ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઇ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199